# BUSINESS મિત્ર

### બ્રોડર માર્કેટમાં સુધારો થતાં માર્કેટ બ્રેડથ પણ મજબૂત રહ્યું

# સેન્સેક્સ-નિફ્ટી સપાટ, છતાં રોકાણકારોને રૂ. એક લાખ કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** ભારતીય શેરબજારમાં આજે પણ શરૂઆતી સુધારો ધોવાઇ ગયો હતો. વૈશ્વિક સંકેતો નકારાત્મકતા છતાં પણ સુધારા સાથે ખુલ્યો હતો, પણ આ સુધારો દિવસ દરમ્યાન ચાલી શક્યો નહતો અને છેલ્લે સપાટ બંધ રહ્યો હતો. જે છેલ્લે નિફ્ટી 25500 પોઇન્ટની સપાટી તોડી નાખી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25400 પોઇન્ટની સપાટી તોડી હતી. જોકે, પીએસયુ બેન્ક, હેલ્થકેર અને ઓટો શેરમાં લેવાલીના કારણે બજાર નીચલા સ્તરથી રીકવર થયું હતું.

સેકટર વાઇઝ જોઇએ તો ઓટો, ફાર્મા, ઓઇલ એન્ડ ગેસ, પીએસયુ બેન્ક, ટેલિકોમ અને મેટલ શેરોમાં 0.4 ટકાથી એક ટકા સુધીનો વધારો જોવાયો હતો. બીજી તરફ, મીડિયા ઈન્ડેક્સ 0.7 ટકા ઘટીને બંધ થયો હતો.

રોકાણકારોએ રૂપિયા 1.08 લાખ કરોડની કમાણી કરી છે. કુલ માર્કેટ કેપ વધીને રૂ. 468.46 લાખ કરોડ થયો હતો. જે તેના અગાઉના ટ્રેડિંગ દિવસે રૂ. 467.38 લાખ કરોડ હતું.

બીએસઇ સેન્સેક્સ 27.46 પોઇન્ટ એટલે કે 0.03 ટકા ઘટીને 82248.61 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82579 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81970 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 14.05 પોઇન્ટ એટલે કે 0.06 ટકા વધીને 25496.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25572 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25400 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 144.35 પોઇન્ટ એટલે કે 0.24 ટકા વધીને 61187.70 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બાલકૃષ્ણ ઈન્ડ. 43.86 ગણા, ઈટર્નલ લિ. 29.48 ગણા, તેજસ નેટવર્કમાં 25.83 ગણા, ઇઆઇડી પેરી 18.95 ગણા, એંજલ વન 12.53 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કેએસબી લિ. 179.08 ગણા, તેજસ નેટવર્ક 59.93 ગણા, હોમ ફર્સ્ટ ફાઇ. 46.22 ગણા, ચોલામાંડલમ ઈન્વેસ્ટમેન્ટ 8.42 ગણા અને મહારાષ્ટ્ર સીમલેસ 7.74 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.55 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.07 ટકા સુધર્યો હતો. માર્કેટ બ્રેડથ સુધારો જોવાયો હતો. બીએસઇ ખાતે 2170 શેરો વધ્યા હતા, જ્યારે 2034 શેરો ઘટ્યા હતા અને 163 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ 1.08 ટકા વધ્યો હતો. છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં ઈન્ડેક્સ 3.89 ટકા વધ્યો હતો. જેમાં મેનકાઈન્ડ ફાર્મા, આલ્કેમ લેબ, ગ્લેનમાર્ક ફાર્મા, ઝાયડસ લાઇફ સાયન્સીસ, સન ફાર્મા, લોરસ લેબ, લ્યુપીન, ડેવીસ લેબ, ડો. રેડ્ડીઝ લેબ અને અરવિંદ ફાર્મા વધ્યા હતા. બીજી તરફ, અંજતા ફાર્મા, વોકહાર્ટ અને બાયોકોન ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો મિશ્ર વેપાર કરતા જોવા મળ્યા હતા. કારણ કે રાકણકારોએ પ્રાદેશિક કોર્પોરેટ કમાણી તેજમ વોલસ્ટ્રીટ પર ચીપ જાયન્ટ એનવીડિયાના આંકડાઓને પચાવી લીધા હતા. વોલસ્ટ્રીટ પર ટેક સંચાલિત રેલી પછી દક્ષિણ કોરિયા અને જાપાનના શેરોએ રેકોર્ડ ઉંચા સ્તરે પહોંચ્યા હતા, જે પસંદગીના ઉદ્યોગોમાં કુત્રિમ બુદ્ધિની આગેવાની હેઠળના વિત્રેપની ચિંતાઓને હળવી કરવા માટે ઉત્તેજિત કરવામાં આવી હતી. અદ્યતન માઇક્રો ડિવાઇસ અને સોફ્ટવેર શેરોમાં ફાયદાને કારણે મંગળવારે યુએસ ઈક્વિટીમાં વધારો થયો હતો, કારણ કે કેટલાક ઉદ્યોગોમાં કુત્રિમ બુદ્ધિના વિત્રેપની આસપાસના રોકાણકારોનો ભય ઓછો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.09 ટકા, કેક 0.90 ટકા અને ડેક્સ 0.55 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.25 ટકા, કોસ્પી 3.54 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. સ્ટ્રેઈટસ 0.87 ટકા, હેંગસેંગ 1.48 ટકા, જકાર્તા 1.06 ટકા અને શાંઘાઇ 0.01 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.




## રૂપિયામાં ધીમો સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયામાં ધીમો સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 5 પૈસા સુધરીને 90.91ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.96ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.91 રૂ. |
| યુરો | 106.95 રૂ. |
| પાઉન્ડ | 122.85 રૂ. |
| યેન | 0.5827 રૂ. |

અન્ય કરન્સીઓમાં યુરો 106.95, પાઉન્ડ 122.85, કેનેડિયન ડોલર 66.35, ઓસ્ટ્રેલિયન ડોલર 64.54, જાપાનીઝ યેન 0.5827 અને સીંગાપોર ડોલર 72.15ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -27.46 | 82248.61 |
| નિફ્ટી | 14.05 | 25496.55 |
| બેન્ક નિફ્ટી | 144.35 | 61187.70 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીએમપીવી | 2.54 | 391.55 |
| આઇશર મોટર | 2.27 | 8190.00 |
| બીઇએલ | 2.22 | 449.05 |
| મેક્સ હેલ્થકેર | 2.00 | 1109.90 |
| શ્રીરામ ફાઇનાન્સ | 1.72 | 1104.60 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.68 | 3856.00 |
| ઇટર્નલ | 1.48 | 246.50 |
| પાવરગ્રીડ | 1.30 | 303.25 |
| કોલ ઇન્ડયા | 1.16 | 433.50 |
| ટાટા કન્ઝયુમર | 1.09 | 1159.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 2.21 | 449.00 |
| અદાણી પોર્ટસ | 1.45 | 1550.60 |
| સન ફાર્મા | 1.34 | 1787.50 |
| મારૂત સુઝુકી | 1.02 | 15214.00 |
| ભારતી એરટેલ | 0.78 | 1928.50 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 1.61 | 3865.00 |
| ઇટર્નલ | 1.54 | 246.40 |
| પાવરગ્રીડ | 1.20 | 303.50 |
| એચડીએફસી બેન્ક | 0.98 | 898.85 |
| એશિયન પેઇન્ટસ | 0.82 | 2395.50 |

# 2030 સુધીમાં ક્વિક કોમર્સ દર વર્ષે 45 ટકાના દરે વૃદ્ધિ પામશે

**આગામી** પાંચ વર્ષમાં ક્વિક કોમર્સ ઉદ્યોગ 40 અબજ ડોલરને પાર નીકળી જશે

મુંબઇ, તા. 26: દેશમાં ઝડપી વાણિજ્ય ક્ષેત્ર ટૂંકા સમયમાં ડિલિવરી અને વધુ સારી સેવાઓના આધારે ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં. મેકેન્ઝી એન્ડ કંપનીના અહેવાલ મુજબ, વિસ્તરણની ગતિ એટલી ઝડપી છે કે ઝડપી વાણિજ્ય ક્ષેત્ર પાંચ વર્ષમાં વાર્ષિક 45 ટકાના ચક્રવૃદ્ધિ દરે વધીને 2030 સુધીમાં 35થી 40 અબજ ડોલર સુધી પહોંચી જશે. હાલમાં, આ ક્ષેત્ર 5થી 6 બિલિયન ડોલરનું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતના ડિજિટલ કોમર્સ સેક્ટરમાં ક્વિક કોમર્સ સૌથી ઝડપથી વિકસતો સેગમેન્ટ બની રહ્યો છે. તેનો વિકાસ શહેરી ગ્રાહકો દ્વારા વેગ આપવામાં આવી રહ્યો છે, જેઓ ઝડપી ડિલિવરી અને વધુ સારી સુવિધાઓને મહત્વ આપે છે.

હકીકતમાં, ઝડપી વાણિજ્ય ક્ષેત્રના વિકાસને વધુ ઉત્પાદન શ્રેણી, ઝડપી ડિલિવરી સર્વિસ કરારો અને જસ્ટ-ઈન-ટાઇમ પરિપૂર્ણતા મોડેલો અપનાવવા દ્વારા પણ ટેકો આપવામાં આવી રહ્યો છે. તદુપરાંત, મહાનગરો અને અન્ય મોટા શહેરોમાં મજબૂત ઈન્ટરનેટનો પ્રવેશ અને ગ્રાહક વર્તણૂકમાં ફેરફાર પણ ઝડપી વાણિજ્ય ક્ષેત્રને વિકસાવવામાં મદદ કરી રહ્યા છે.

અહેવાલમાં જણાવાયું છે કે ઝડપી વાણિજ્યમાં શિખાઉ ગ્રાહકો ઓપ્ટિમાઇઝ સ્ટોર નેટવર્ક, ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો સાથે સંકળાયેલા ડેટાની સરળ એક્સેસ અને શિસ્તબદ્ધ ઓપરેટિંગ મોડેલથી લાભ મેળવે છે. તદુપરાંત, ઝડપી વાણિજ્ય પ્લેટફોર્મ્સ કરિયાણાની ડિલિવરીની બહાર ઉત્પાદનની શ્રેણીની વિશાળ શ્રેણીમાં વિસ્તરી રહ્યા છે, જે ડિજિટલ કોમર્સ સ્પેસમાં તેમની ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે.

રિપોર્ટ અનુસાર, ભારતની ડિજિટલ કોમર્સ ઈકોસિસ્ટમ હાલમાં ત્રણ મુખ્ય ચેનલો દ્વારા ચાલે છે.

પરંપરાગત ઈ-કોમર્સ માર્કેટપ્લેસ, ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ અને ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર આ ત્રણેય પ્લેટફોર્મ સાથે મળીને દેશના ઓનલાઇન વાણિજ્ય ક્ષેત્રનો પાયો બનાવે છે, જે વેચાણકર્તાઓને તેમની સેવાઓ દ્વારા ગ્રાહકો સુધી પહોંચવાની ઘણી રીતો પ્રદાન કરે છે.

# સરકાર પ્રવાસન સેકટરનું યોગદાન વધારશે, જીડીપીમાં હિસ્સો 10 ટકા કરશે

**વર્તમાન** સમયમાં પ્રવાસનનું યોગદાન જીડીપીમાં 6 ટકાનું છે

નવી દિલ્હી, તા. 26: કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું છે કે પ્રવાસન હવે રાષ્ટ્રીય વિકાસનો મહત્વપૂર્ણ આધારસ્તંભ બની ગયો છે. તેમણે જીડીપીમાં પ્રવાસન ક્ષેત્રનું યોગદાન વર્તમાન 6 ટકાથી વધારીને 10 ટકા કરવાની સરકારની દૂરંદેશીની રૂપરેખા રજૂ કરી હતી.

કાર્યક્રમનાં ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી શેખાવતે જણાવ્યું હતું કે, પ્રવાસન માત્ર આર્થિક વૃદ્ધિને જ વેગ આપતું નથી પરંતુ રોજગાર સર્જન, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને પ્રાદેશિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ હિતધારકો સાથે સહયોગ કરીને આ ક્ષેત્રને વધુ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

કેનેડાએમહત્વપૂર્ણ ખનીજો અને ઊર્જા સંસાધનોના પુરવઠામાં પોતાને સ્થિર અને વિશ્વસનીય ભાગીદાર ગણાવીને ભારત સાથે વેપાર અને આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

એક્સપોર્ટ ડેવલપમેન્ટ કેનેડાના વાઇસ પ્રેસિડેન્ટ અને ગ્લોબલ હેડ તુષાર હાંડેકરે કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેની ભારત મુલાકાતના સંદર્ભમાં જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે પહેલાથી જ મજબૂત વેપાર સંબંધો છે અને આ મુલાકાતથી દ્વિપક્ષીય વેપારને વધુ વેગ મળવાની અપેક્ષા છે.

તેમણે કહ્યું કે ઈડીસીનું ધ્યાન ભારત-કેનેડા વેપાર સહકારને આગળ વધારવા અને વેપારના પ્રવાહને વધુ સુલભ બનાવવા પર રહેશે. હાંડેકરના જણાવ્યા અનુસાર, ભવિષ્યમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની પણ સંભાવના છે, જે બંને દેશો વચ્ચેના વેપારને વધુ સીમલેસ અને ઝડપી બનાવશે.

# એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ બંધન બેન્કમાં 10 ટકા હિસ્સો ખરીદશે

**બંધન** બેન્કના પ્રમોટર્સ 40 ટકા ઇક્વિટી ધરાવે છે

મુંબઇ, તા. 26: એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડને બંધન બેંકમાં 9.99 ટકા હિસ્સો ખરીદવા માટે આરબીઆઇ તરફથી મંજૂરી મળી ગઇ છે. એક્સચેન્જ ફાઇલિંગમાં બેંકે જણાવ્યું હતું કે આરબીઆઇએ 25 ફેબ્રુઆરીના પત્ર દ્વારા આ મંજૂરી આપી હતી.

આ મંજૂરી બેંકિંગ, વિદેશી હુંડિયામણ અને સિક્યોરિટીઝ નિયમનોના પાલનને આધિન છે. જો એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ એક વર્ષની અંદર બહુમતી ફિક્સ્ડ હિસ્સો ખરીદશે નહીં, તો આ મંજૂરી લેપ થઇ જશે.

રિઝર્વ બેંકે સ્પષ્ટ કર્યું છે કે ફંડનું કુલ હોલ્ડિંગ કોઇપણ સમયે 9.99 ટકાથી વધુ ન હોવું જોઇએ. આ સિવાય જો હિસ્સો 5 ટકાથી ઓછો થાય તો એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડને તેને 5 ટકા કે તેથી વધુ કરવા માટે આરબીઆઇની નવી મંજૂરી લેવી પડશે.

બીએસઇના શેરહોલ્ડિંગના ડેટા અનુસાર, ડિસેમ્બર 2025 સુધીમાં પ્રમોટરો પાસે બંધન બેંકમાં લગભગ 40 ટકા બાકી ઈક્વિટી હતી. મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે મળીને બેંકમાં 11.79 ટકા હિસ્સો ધરાવે છે.

વ્યક્તિગત મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં એસબીઆઇ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડનો ડિસેમ્બર 2025 સુધીમાં બંધન બેંકમાં 3.45 ટકા હિસ્સો હતો.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૨૮૫૦ |
| તેજાબી સોનું | ૧૬૨૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૭૧૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૫૯૫૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૨૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૭૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૯૧૦૦ |

# નરેન્દ્ર મોદીની અચાનક ઇઝરાયલ મુલાકાત પડદા પાછળની ભેદી ઘટનાઓ સૂચિત કરે છે

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ



ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇઝરાયલની બે દિવસીય મુલાકાતના પહેલા દિવસે ઇઝરાયલની સંસદ નેસેટને સંબોધિત કરી. બુધવારે જેરુસલેમ પહોંચેલા નરેન્દ્ર મોદી નેસેટને સંબોધિત કરનારા પહેલા ભારતીય વડા પ્રધાન છે. ૨૦૧૭ માં પ્રધાનમંત્રી મોદીની ઇઝરાયલ મુલાકાત પછી બંને દેશો વચ્ચેની નિકટતા ઝડપથી વધી છે. પહેલાં ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ભારતની મુલાકાતે આવવાના હતા, પણ અચાનક તે કાર્યક્રમમાં ફેરફાર થયો અને મોદી ઇઝરાયલ પહોંચી ગયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે ત્યારે નરેન્દ્ર મોદીની હાલની ઇઝરાયલ મુલાકાતને તદ્દન અલગ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી અને ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે જે ઉષ્માભર્યો સંબંધ જોવા મળ્યો છે તે બહુ ઓછા રાજકારણીઓ વચ્ચે જોવા મળ્યો છે. વિશ્લેષકો માને છે કે જ્યારે બે દેશોના રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે આવા વ્યક્તિગત સંબંધો અસ્તિત્વમાં હોય છે, ત્યારે તે સંબંધિત દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો અર્થ સૂચવે છે. ઇઝરાયલ સાથેના પોતાના ખાસ સંબંધોનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેમનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ ના રોજ થયો હતો. આ દિવસે ભારતે ઇઝરાયલને માન્યતા આપી હતી. પ્રશ્ન એ છે કે ભારત અને ઇઝરાયલના વડા પ્રધાનો વચ્ચેની આ ઉષ્માનો અર્થ શું છે? વિશ્લેષકો માને છે કે જ્યારે નેતન્યાહૂ તેમના દેશની સંસદને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેઓ એવું બતાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે તેમના દેશનો ભારત સાથેનો સંબંધ ફક્ત વ્યાવહારિક નથી. એવા સમયે જ્યારે વૈશ્વિક ભૂરાજનીતિમાં ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે, ત્યારે નેતન્યાહૂ એ સંદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભારત સાથે ઇઝરાયલનો સંબંધ વ્યક્તિગત અને ભાવનાત્મક છે. ઇઝરાયલમાં ઓક્ટોબરમાં ચૂંટણી યોજાવાની છે ત્યારે નેતન્યાહૂ એ દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમના નેતૃત્વ હેઠળ ઇઝરાયલ અલગ નહીં રહે પણ ભારત જેવા મુખ્ય દેશો તેની સાથે ઊભા છે.

ઇઝરાયલના કિસ્સામાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય વિદેશ નીતિની જૂની પરંપરાઓને તોડનારા સાબિત થયા છે. ભારતની વિદેશ નીતિમાં કોઈ પણ વ્યક્તિ ઇઝરાયલ પર આટલી ખુલીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેટલી સામે આવ્યું નથી. ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ ના રોજ ભારતે ઇઝરાયલને એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપી હતી. ત્યારથી ભારતના કોઈ પણ વડા પ્રધાને ઇઝરાયલની મુલાકાત લીધી નહોતી. જુલાઇ ૨૦૧૭ માં, લગભગ ૭૬ વર્ષ પછી, નરેન્દ્ર મોદી ઇઝરાયલની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન બન્યા હતા. આનો અર્થ એ થયો કે મોદીએ ઇઝરાયલની મુલાકાત ન લેવાની પરંપરા તોડી. ૨૦૧૭ માં જ્યારે મોદીએ ઇઝરાયલની મુલાકાત લીધી ત્યારે તેમણે રાજદ્વારી પરંપરા તોડી અને જેરુસલેમ કમ્પાઉન્ડથી માંડ ૩૦ કિલોમીટર દૂર રામલ્લાહમાં પેલેસ્ટિનિયન ઓથોરિટીની અવગણના કરી હતી. મોદીની મુલાકાતમાં પેલેસ્ટાઇનને કોઈ ટેકો જોવા મળ્યો ન હતો, કે ઇઝરાયલની સાથે સ્વતંત્ર પેલેસ્ટિનિયન રાજ્યનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. અગાઉ, ઇઝરાયલની મુલાકાત લેનારા કોઈ પણ મહત્ત્વપૂર્ણ ભારતીય નેતા રામલ્લાહની પણ મુલાકાત લેતા હતા.

૨૦૧૭માં જ્યારે પીએમ મોદી ઇઝરાયલની મુલાકાતે ગયા હતા, ત્યારે અમેરિકન મીડિયા આઉટલેટ બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો હતો કે ભારતે પરંપરાગત રીતે ઇઝરાયલ સાથેના તેના સંબંધોને ઓછું મહત્ત્વ આપ્યું છે. એવી ચિંતા હતી કે આનાથી દેશનાં ૧૭ કરોડ મુસ્લિમો નારાજ થઈ શકે છે. પરંતુ મોદી એક હિન્દુ રાષ્ટ્રવાદી નેતા છે, જેમની પાર્ટીએ પ્રચંડ વિજય મેળવ્યો છે. દેશમાં વિપક્ષ ખૂબ જ નબળો છે. તેથી, તેમને સ્થાનિક રાજકીય અસરોની બહુ ઓછી ચિંતા છે.

નરેન્દ્ર મોદી આઠ વર્ષ પછી વડા પ્રધાન તરીકે ઇઝરાયલની બીજી મુલાકાતે છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ઇઝરાયલ જેને પોતાનો દુશ્મન માને છે તે ઇરાન પર અમેરિકાના હુમલાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ભારતને ઈરાનમાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ચાબહાર બંદરમાંથી બાકાત રાખવામાં આવ્યું હોય તેવું લાગે છે. વધુમાં, યુએઈ અને સાઉદી અરેબિયા વચ્ચે તણાવ વધી રહ્યો છે. સાઉદી અરેબિયા અને પાકિસ્તાને એક સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે હેઠળ એક પર હુમલો બંને પર હુમલો માનવામાં આવે છે. આ સંદર્ભમાં, મોદીની ઇઝરાયલ મુલાકાત નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે. બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટીશ સામ્રાજ્યના પતન દરમિયાન ભારત અને ઇઝરાયલ આધુનિક રાષ્ટ્ર તરીકે જન્મ્યાં હતાં. ભારતે શરૂઆતમાં ઇઝરાયલની રચના વિરુદ્ધ મતદાન કર્યું હતું. જો કે ભારતે ૧૯૫૦ માં ઇઝરાયલને માન્યતા આપી હતી, પરંતુ ૧૯૯૨ માં પી.વી. નરસિંહરાવે ઇઝરાયલના રાજદ્વારી બહિષ્કારનો અંત લાવ્યો હતો.

ઇઝરાયલમાં રહેલા વરિષ્ઠ પત્રકાર હરેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે ઇઝરાયલમાં વિપક્ષી પાર્ટીના નેતાઓ અને બેન્જામિનતરફી મતદારો પણ ભારતને એક સારા મિત્ર તરીકે જુએ છે. નેતન્યાહૂના મતદારો માને છે કે ઇઝરાયલી વડા પ્રધાન પાસે વિશ્વના સૌથી શક્તિશાળી દેશો, જેમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો પણ સમાવેશ થાય છે, સામે ટકી રહેવાની ક્ષમતા છે. નેતન્યાહુ એ પણ બતાવવા માંગે છે કે ભારત જેવો દેશ, વિશ્વમાં એક મોટી અને ઝડપથી ઉભરતી શક્તિ તરીકે, તેમની સાથે ઊભો છે. વિશ્લેષકો એમ પણ કહી રહ્યા છે કે ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાત નેતન્યાહૂને મજબૂત બનાવવા માટે પણ યોજવામાં આવી છે.

તાજેતરના ભૂતકાળમાં, ભારતે યુરોપિયન યુનિયન સહિત ઘણા દેશો સાથે મુક્ત વેપાર કરારો (FTA) પર હસ્તાક્ષર કર્યા છે. ભારત ઇઝરાયલ સાથેના તેના આર્થિક સંબંધોને FTA તરફ લઈ જવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે. ભારત એ પણ બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે કે ઇઝરાયલ સાથેના તેના સંબંધો ફક્ત સંરક્ષણ કરારો સુધી મર્યાદિત નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધોના કદ અને અવકાશની કોઈ મર્યાદા નથી, તો તેનો અર્થ એ થયો કે ભારત બંને દેશો વચ્ચેના વેપારને, જે આશરે ચાર અબજ ડોલર છે, આગળ લઈ જવા માંગે છે. મોદીએ ભારતમાં કૃષિ સંશોધન માટે ઇઝરાયલના સમર્થનને યાદ કર્યું અને પર ડ્રોપ મોર ક્રોપ જેવી ઇઝરાયલી તકનીકોને ભારતીય કૃષિ માટે મદદરૂપ ગણાવી હતી. આ તકનીક ૨૦૧૫ માં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાનો ભાગ હતી. આનો ઉલ્લેખ કરીને, મોદી એ દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભારત ઇઝરાયલ સાથે તેના ટેકનોલોજી જોડાણને વધુ વધારવા માંગે છે.

નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ હમાસના હુમલાની સ્પષ્ટ નિંદા કરે છે, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ગાઝા શાંતિ પહેલને પણ સમર્થન આપે છે. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને લાંબા સમયથી આતંકવાદનો સામનો કરી રહેલા દેશ તરીકે વર્ણવી રહ્યા હતા, ત્યારે તેમના મનમાં એ પણ હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની સાથે સૌથી વધુ ખુલ્લેઆમ ઊભો રહેલો દેશ ઇઝરાયલ હતો. ભારતે સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે તે માનવતાવાદી ધોરણે પેલેસ્ટાઇન મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કરવા માંગે છે, પરંતુ આ માટે તે ઇઝરાયલ સાથેના તેના સંબંધોને મર્યાદિત કરવા માંગશે નહીં. મોદીની આ ઇઝરાયલ મુલાકાત પછી જો અમેરિકા ઇરાન પર હુમલો કરશે અને ઇઝરાયલ તેમાં સામેલ થશે તો ભારત ઇરાન પરના હુમલાની નિંદા કરવાની સ્થિતિમાં નહીં હોય. ભારત રશિયાના જૂથમાંથી બહાર નીકળીને અમેરિકાના જૂથમાં જોડાઈ ગયું છે, તેનો આ સ્પષ્ટ ઇશારો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પહેલાં ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ભારતની મુલાકાતે આવવાના હતા, પણ અચાનક તે કાર્યક્રમમાં ફેરફાર થયો અને મોદી ઇઝરાયલ પહોંચી ગયા હતા**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિકસ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**Dinesh Tours**
N Travels આરામદાયક હોટલ, સુરતી ભોજન, અનુભવી ટુર મેનેજર સહિત નું આયોજન... @ કેરલા- રામેશ્વરમ- મદુરાઈ- કન્યાકુમારી. દિ. ૧૦ @ બદ્રીનાથ- કેદારનાથ- ગંગોત્રી- યમનોત્રી. દિ ૧૩ @ દાર્જીલિંગ- લાચુંગ- પેલિંગ- ગંગટોક. દિ- ૯ વધુ માહિતી માટે સંપર્ક કરો:- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે દ્વારા (1) ચારધામ, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 15/5, 28/05, દિવસ- 15. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, નેપાળ, ગયાજી, અયોધ્યા, તારીખ- 14/5, દિવસ- 12. (3) દક્ષિણ ભારત, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, તિરૂપતિ. તારીખ- 28/5, દિવસ- 12. (4) હરિદ્વાર, (અધિક માસમાં) ઋષિકેશ. તારીખ- 22/5, દિવસ- 7. ગ્રુપ બુકીંગ સ્વીકારીશું. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગીકોમ્પ્લેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**મિલ્કત વેચવાની છે**

**વેસુમાં**
સુંદર હવા ઉજાસ વાળો 3 BHK ફ્લેટ 2200 Sf તાત્કાલિક વેચવાનો છે. 9374535403 (861)

**ગોપીતળાવ વિસ્તારમાં ઓફિસ ભાડેથી આપવાની છે**
ચંદ્રિકા ડ્રેસીસની બાજુમાં કોટસફિલ રોડ. લિફ્ટની સુવિધા સાથે પર્સનલ બાથરૂમ, ૧૪૦૦ સ્કે.ફીટ કાર્પેટ સંપર્ક ટાઇમ: ૧૧થી ૫ PM
88663 45414

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**નોકરી વિષયક**

**જોઈએ છે**
(1) રસોઈવાળા બહેન (2) ઓફિસના કામ માટે લેડિઝ/ જેન્ટસ સંપર્ક મો: 92656-09650 (859)

**પેટ્રોલ પંપ પર**
કામ કરવા માટે છોકરાઓ/ છોકરીઓ જોઈએ છે. ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો. 7041801379, 9157675490 (860)

**શિક્ષકો જોઈએ છે**
એમ.એ.મીર સ્કૂલ (ગુજરાતી) તથા મદની ઈસ્લામીક (ઈંગ્લીશ) સ્કૂલમાં ગણિત, વિજ્ઞાન, હિન્દી, ગુજરાતી, કોમ્પ્યુટર ભણાવી શકે તેવા B.Sc/ M.Sc B.ed, B.com/ M.com B.ed, B.A/ M.A B.ed, B.C.A/ M.C.A, D.E.L.E.D., P.T.C , પ્રી- પ્રાઈમરી વિભાગ માટે Pre- P.T.C., શિક્ષકોની જરૂરત છે. રસ ધરાવનાર ઉમેદવારોએ નીચે આપેલ સરનામે તથા મોબાઈલ નંબર પર કોન્ટેક્ટ કરી રૂબરૂ મળી જવું સરનામું - 7/1969-70. સૈયદપુરા, રાજાવાડી, સુરત. મો. નં. 9586673346- 7801893010

**જોઈએ છે**
એન્જિનિયરિંગ કંપનીમાં ફેબ્રિકેશન કામ માટે અનુભવી હેલ્પર, વેલ્ડર, ફિટર જોઈએ છે, ટેકનો ક્રિએટ એન્જિનિયર્સ, પ્લોટ નંબર: 713, રોડ નંબર: 7, અરમાન ઈન્ડસ્ટ્રીઝની સામે, જીઆઈડીસી, સચિન, સુરત, 9879311604, 9374726181

**કાપડની દુકાન માટે**
અનુભવી તેમજ બિનઅનુભવી માણસ જોઈએ, મળો: સવારે 10:00થી 1:00, આરતી ટેક્સટાઈલ, શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, ભાગાતળાવ, ચૌટાપુલ, બેન્ક ઓફ બરોડાની બાજુમાં, સુરત, MOB: 9825146864, Ph: 0261- 2442685

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.